DISCLAIMER: The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

અહેવાલપાત્ર

ભારતની સર્વોચ્ચ અદાલતમાં

દીવાની અપીલીય હકૂમત

દીવાની અપીલ નં.૯૧૧/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૦૯૬/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

આવકવેરા અધિકારી

... અપીલકર્તા (ઓ)

વિરુદ્ધ

વિક્રમ સુજિતકુમાર ભાટીઆ

... સામાવાળા (ઓ)

સાથે

દીવાની અપીલ નં.૯૧૨/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૦૯/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૩/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૧૫/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૪/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૧૬/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૧૮/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૬/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૧૯/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૭/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૦/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૮/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૧/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૧૯/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૨/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૦/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૩/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૪/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૬/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૩/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૮/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૨૯/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૩૦/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૬/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૩૧/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૭/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૩૨/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૮/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૩૩/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૨૯/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૧૩૪/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૦/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૮૭૯/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૯૮૮૦/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૨/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૮૮૧/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૩/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૮૮૨/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૪/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૯૮૮૩/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૫/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૩૫/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૬/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૩૯/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૭/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૪૨/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૮/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૪૮/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૩૯/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૪૯/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૦/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૫૦/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૧/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૦૫૫૧/૨૦૧૯ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૪૮૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૪૯૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૪૯૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૪૯૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૬/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૪૯૯/૨૦૨૦માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૭/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૦૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૮/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૦૫/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૪૯/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૨૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૦/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૫૨૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૨૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૨૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૩૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૩૧/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૩૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૬/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૩૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૭/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૫૩૮/૨૦૨૦ચ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૮/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૬૧૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૫૯/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૬૨૧/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૦/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૬૨૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૬૨૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૬૮૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૮૧૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૮૮૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૮૮૫/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૬/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૮૮૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૭/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૮૯૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૮/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૮૯૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૬૯/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૮૯૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૦/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૯૦૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૧૦૩૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૦૦૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૦૦૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૦૦૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૦૧૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૬/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૦૧૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૭/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૨૬૫૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૮/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૬૫૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૭૯/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૨૬૬૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૦/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૦૦૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૪૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૪૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૪૫/૨૦૨૦માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૫/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૧/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૬/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૭/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૮/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૮૯/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૫/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૦/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૧/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૨/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૩૪૫૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૪/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૪૨૯૫/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૫/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૩૬૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૬/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૩૮૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૭/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૫૮૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૮/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૬૩૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૯૯૯/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૬૩૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૦/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૬૩૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૧/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૬૪૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૨/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૪૯૩૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૩/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૫૧૧૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૪/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૫૧૪૧/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૫/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૫૩૧૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૬/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૫૩૧૧/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૭/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૬૫૩૧/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૮/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૬૬૭૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૦૯/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૬૬૮૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૦/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૦૮૦/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૧/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૭૭૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૨/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૭૭૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૩/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૭૭૮/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૪/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૮૯૨/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૫/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૮૯૩/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૬/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૮૯૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૭/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૭૮૯૫/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૮/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૧૨૨૮૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૧૯/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૧૨૨૮૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૨૦/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૧૨૨૯૬/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૨૧/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૧૨૩૦૪/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૨૨/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં.૧૪૦૪૯/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નં.૧૦૨૩/૨૦૨૨
(એસ.એલ.પી. (સી) નં.૧૫૧૦૭/૨૦૨૦ માં થી ઉદ્ભવતી)

દીવાની અપીલ નંબર ૧૦૨૪/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં. ૧૫૧૦૮/૨૦૨૦ માંથી ઉદ્ભવતી)

દીવાની અપીલ નંબર ૧૦૨૫/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં. ૧૫૧૦૯/૨૦૨૦ માંથી ઉદ્ભવતી)

અને

દીવાની અપીલ નંબર ૧૦૨૬/૨૦૨૨

(એસ.એલ.પી. (સી) નં. ૧૫૫૬૮/૨૦૨૦ માંથી ઉદ્ભવતી)

ચુકાદો

ન્યાયમુર્તિ એમ.આર.શાહ

૧. ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૧૮૭૭૭/૨૦૧૮ તથા અન્ય જોડાયેલ દાવાઓમાં જાહેર કરવામા આવેલ તારીખ ૨.૪.૨૦૧૯ ના વાદગ્રસ્ત સંયુક્ત ચુકાદા અને આદેશથી વ્યથિત અને અસંતુષ્ટ થઈને તથા ગુજરાત ઉચ્ચ અદાલતે અન્ય સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનોમાં તેના અગાઉના નિર્ણય ઉપર આધાર રાખીને આપેલા વાદગરસ્ત

ચુકાદા(ઓ) અને આદેશ (ઓ) જે અંતર્ગત ઉચ્ચ અદાલતે આવકવેરા ધારા, ૧૯૬૧ ની કલમ ૧૫૩–સી (હવે પછી '૧૯૬૧ના કાયદા' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) હેઠળ પ્રતિવાદી – કરદાતાઓના આપવામાં આવેલી નોટિસ રદ કરી છે અને તેના દ્વારા પરિણામેલ આકારણી આદેશો (કે જેમાં આકારણી પૂર્ણ થયેલ હતી) તેવુ જણાવીને રદ કર્યા છે કે '૧૯૬૧ના કાયદા'ની કલમ ૧૫૩–સી કે જે નાણાં અધિનિયમ, ૨૦૧૫ દ્વારા સુધારવામાં આવેલ છે) સુધારાની તારીખ અગાઉ હાથ ધરવામાં આવેલ '૧૯૬૧ના કાયદા'ની કલમ–૧૩૨ હેઠળની તપાસ પર લાગુ નહીં કરી શકાય, તેથી મહેસૂલ વિભાગ દ્વારા હાલની અપીલો દાખલ કરી છે.

૨. શરૂઆતમાં, અહીં એવું નોંધવું જરૂરી છે કે, આ અદાલતના વિચારણા માટે કાયદાનો એવો પ્રશ્ન ઊભો થાય છે કે:શું આવકવેરા ધારા ૧૯૬૧ ની કલમ ૧૫૩–સી માં નાણાં ધારા ૨૦૧૫ હેઠળ કરવામાં આવેલો સુધારો, તે સુધારાની તારીખ ૦૧.૦૬.૨૦૧૫ અગાઉ કાયદાની કલમ ૧૩૨ હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસોને લાગુ પડશે કે કેમ?

૩. સરળતા માટે, અહીં હાઈકોર્ટ દ્વારા સ્પેશ્યલ સિવિલ એપ્લિકેશન નં. ૧૨૮૨૫/૨૦૧૮ માં આપેલા વાદગરસ્ત ચુકાદા અને આદેશોમાંથી ઊભી થયેલી સિવિલ અપીલ મુખ્ય મેટર તરીકે ધ્યાનમાં લેવામાં આવે છે અને સદર રિટ અરજીમાંના તથ્યો અહીં વર્ણવવામાં આવે છે, જે ટૂંકમાં નીચે મુજબ છેઃ– –

૩.૧ મૂળ રીટ અરજદાર, મૂળે એક વ્યક્તિ, તેણે આકારણી વર્ષ (આ.વ.) ૨૦૧૨–૧૩ માટે તેમની આવકનું રિટર્ન ૧૧.૦૯.૨૦૧૨ ના રોજ ભર્યું હતું, જેમાં ભાગીદારી પેઢીની આવક અને અન્ય આવક મળીને ધંધાની કુલ આવક રુ.૪૪,૭૩,૮૨૦/– જેટલી જાહેર કરેલ છે. ત્યારબાદ, (sic) તારીખ ૦૪.૦૯.૨૦૧૩ ના રોજ એચ. એન. સફલ ગ્રૂપના વિવિધ સંકુલોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.તારીખ ૦૭.૦૯.૨૦૧૩ના રોજ એક (sic) પંચનામુ તૈયાર કરવામાં આવ્યુ હતુ. જપ્ત કરવામાં આવેલી સામગ્રીના આધારે, આકારણી અધિકારીએ તારીખ ૦૮.૦૨.૨૦૧૮ રોજ નોટિસ આપીને ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી અંતર્ગત ઉપરોક્ત (sic) કરદાતા સામે કાર્યવાહી શરૂ કરી હતી.

૩.૨ કરદાતાએ તારીખ ૦૧.૦૫.૨૦૧૮ ના રોજ પોતાનો જવાબ દાખલ કર્યો હતો અને પોતાની આવકનું રિટર્ન પણ જમા કરાવ્યું હતું. તારીખ ૧૪.૦૫.૨૦૧૮ ના રોજ લખેલા પત્રમાં આકારણી અધિકારીએ પોતાનાં દ્વારા નોંધવામાં આવેલી સંતુષ્ટિ નોંધ રજૂ કરી હતી અને તેની સાથે, તલાશ કરાયેલી વ્યક્તિનાં આકારણી અધિકારીની સંતુષ્ટિ નોંધ પણ સંલગ્ન કરી હતી.નોંધવામાં આવેલી સંતુષ્ટિ નોંધથી એવું જાણવા મળ્યું હતું કે, તપાસ દરમિયાન મૂળ રીટ અરજદાર – કરદાતાનું કોઈ પણ દસ્તાવેજ મળ્યું નહોતું. જોકે એક હાર્ડ–ડિસ્ક જપ્ત કરવામાં આવી હતી, જેમાં તલાશ કરાયેલ વ્યક્તિના 'કમ્પ્યુટરના ડેટા' માં 'એક્સેલ શીટ' હતી, જેમાં અરજદારના નામનો સંદર્ભ હતો.વિગતો પ્રાપ્ત થયા

પછી, મૂળ રીટ અરજીકર્તાએ અન્ય બાબતોની સાથે સાથે ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળ કાર્યવાહી પર વાંધો ઉઠાવ્યો હતો અને બીજી બાબતો સાથે એવી તકરાર લીધેલ કે તલાશ કરાયેલી વ્યક્તિના કમ્પ્યુટર એક્સેલ શીટના ડેટાના આધારે, કે જેમાં મૂળ રીટ અરજદારના નામનો જ ઉલ્લેખ કરવામાં આવેલ હતો, આકારણી અધિકારી તેની સામે ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળ કાર્યવાહી શરુ કરી શક્યા ન હોત, કારણ કે, જે પ્રામાણે જે તે વખતે કલમ હતી, તે કલમને લાગુ કરવાની પૂર્શરતનું પાલન થયેલ નથી એટલે કે આકારણી અધિકારીને સંતોષ થવો જોઈએ કે કોઈ પણ નાણાં, બુલિયન, દાગીના અથવા અન્ય કિંમતી જણસ અથવા વસ્તુ અથવા જપ્ત કે લેખિત હુકમથી કરવામાં આવેલ, મંગાવેલ નામાના ચોપડા અથવા દસ્તાવેજો, તે તલાશ કરાયેલી વ્યક્તિ સિવાયની વ્યક્તિનાં છે. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી અંતર્ગત કાર્યવાહી શરૂ કરવાના હેતુ માટે, તલાશ કરાયેલી વ્યક્તિના આકારણી અધિકારી દ્વારા તેમજ તલાશ કરાયેલી વ્યક્તિ સિવાયની વ્યક્તિના આકારણી અધિકારી દ્વારા કરવામાં આવેલ સ્વતંત્ર સંતુષ્ટિની નોંધ ચોપડે લેવાની રહેશે. જોકે, મૂળ રીટ અરજદારના આકારણી અધિકારી દ્વારા નોંધવામાં આવેલી સંતુષ્ટી નોંધ ધ્યાને લેતાં, એ સ્પષ્ટ થયેલ કે, આકારણી અધિકારીએ તલાશ કરાયેલી વ્યક્તિના આકારણી અધિકારીની સંતુષ્ટી નોંધને માત્ર ફરી એકવાર રજૂ કરી હતી અને ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળ જરુરી હોય તેવી સંતુષ્ટી અંગેની નોંધણી કરેલ નહોતી.

૩.૩ આકારણી અધિકારીએ ૨૩.૦૭.૨૦૧૮ના રોજ આપેલા આદેશ દ્વારા વાંધાઓ ફગાવી દીધા હતા.૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળ કાર્યવાહીની શરૂ કરવા સામે વાંધાઓ નામંજૂર થવાથી વ્યથિત અને અસંતુષ્ટ થઈને મૂળ રીટ અરજદારએ ઉચ્ચ અદાલતમાં હાલની રીટ અરજી દાખલ કરી હતી.

૩.૪ ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળની આવી બીજી/ અન્ય નોટિસોને અન્ય વ્યક્તિઓ તલાશ કરવામાં આવેલ વ્યક્તિઓએ, સિવાયની અન્ય વ્યક્તિઓએ, વિવિધ રીટ અરજીઓ દ્વારા પડકારી હતી. રિટ અરજદારોમાંથી કેટલાકના કિસ્સામાં, ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળની કાર્યવાહીના આધારે આકારણીને પૂરી કરવામાં આવી હતી, જેને પડકાર ફેંકવાની મંજૂરી પણ આપવામાં આવી હતી કારણ કે તેમાં સામેલ પ્રશ્ન સમાન હતો.

૩.૫ ઉચ્ચ અદાલતે વાદગ્રસ્ત ચુકાદા અને આદેશ દ્વારા એવું નોંધ્યું હતુ કે, ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી એ તપાસ કરાયેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિની આવકની આકારણી કરવા માટેની એક જોગવાઈ છે, તેમ છતાં વિત્ત અધિનિયમ ૨૦૧૫ જોગવાઇઓ મુજબ તારીખ ૦૧.૦૬.૨૦૧૫ થી સુધારેલી કલમ ૧૫૩–સી, તે તારીખ ૦૧.૦૬.૨૦૧૫ અગાઉ હાથ ધરવામાં આવેલી તલાશના સંદર્ભમાં લાગુ નહીં કરી શકાય. ઉચ્ચ અદાલતે વધુમાં નોંધ્યું છે કે

નાણાં અધિનિયમ ૨૦૧૫ હેઠળ ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સીમાં તારીખ ૦૧.૦૬.૨૦૧૫થી સુધારો લાવીને કરદાતાઓના એક નવા વર્ગને કાયદાની કલમ ૧૫૩–સીની અંદર સમાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે કરદાતાઓના મહત્વના/ આવશ્યક અધિકારોને અસર કરે છે અને એટલે તેને માત્ર પ્રક્રિયામાં પરિવર્તન કહી શકાય નહીં. ઉચ્ચ અદાલતે એ પણ નોંધ્યું છે કે, તલાશ દરમિયાન કોઈ કરદાતાનાં ખાતાનાં ચોપડા કે દસ્તાવેજો કે તેની સાથે સંબંધિત માહિતી ધરાવતાં દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યાં હોય, તો જે તે કરદાતાને ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સીનાં વ્યાપમાં વધારો કરીને સામેલ કરવામાં આવેલ હોવાથી, આ પ્રશ્ન મહત્ત્વપૂર્ણ બની જાય છે, કારણ કે હાલનાં કેસની હકીકતોના સંદર્ભમાં, તપાસની તારીખે, જો આ પ્રકારની સામગ્રી તલાશ થયેલી વ્યક્તિ સિવાયની કોઈ વ્યક્તિ સાથે સંબંધિત હોય, તો જ, તલાશ થયેલી વ્યક્તિનો આકારણી અધિકારી આ પ્રકારની સંતુષ્ટિની નોંધ કરી શકે છે અને તેવી અન્ય વ્યક્તિનાં આકારણી અધિકારીને સામગ્રી મોકલી શકે છે. જોકે, તલાશીની તારીખ પછી આ સુધારો અમલમાં આવ્યો છે અને સુધારાના આધારે જે અરજદારોને તલાશીની તારીખ સુધીમાં કાયદાની કલમ ૧૫૩–સીની મર્યાદામાં સામેલ કરવામાં આવ્યા ન હતા તેમને હવે એવા કારણથી સદર કલમ હેઠળ સમાવી લેવામાં આવ્યા છે કે સુધારા બાદ આ કાયદાની કલમ ૧૫૩–સી હેઠળ સંતુષ્ટિ નોંધ અને નોટિસ આપવામાં આવી છે. આથી, ઉચ્ચ અદાલતે એવી બાબત ધ્યાનમાં રાખીને રિટ અરજીઓને મંજૂરી આપી છે અને નોટિસ તેમજ સંબંધિત આકારણી આદેશો રદ કર્યા છે કે, ૧૯૬૧ના કાયદાની સુધારેલી

કલમ ૧૫૩–સી પશ્ચાદવર્તી અસર સાથે લાગુ પાડી શકાયેલ નહીં હોય અને આથી વાદગ્રસ્ત સામાન્ય ચુકાદા અને આદેશ દ્વારા તારીખ ૦૧.૦૬.૨૦૧૫ પહેલાં હાથ ધરવામાં આવેલી તલાશના સંબંધમાં, ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી હેઠળ, આવા સુધારા પછી કોઈ નોટિસ આપી શકાય તેમ નહોતુ. હાઇકોર્ટનો વાદગ્રસ્ત સંયુક્ત ચુકાદો અને આદેશ વર્તમાન અપીલનો વિષય છે.

૪. મહેસૂલ વિભાગ તરફથી હાજર થયેલા વિદ્વાન એ.એસ.જી. શ્રી કે.એમ.નટરાજને એવી દલીલ કરી હતી કે, વાદગ્રસ્ત સંયુક્ત ચુકાદો અને આદેશ આપતી વખતે અને ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી અંતર્ગત મૂળ રિટ અરજદારો – તલાશ કરાયેલી વ્યક્તિઓ સિવાયની વ્યક્તિઓ–સામે બહાર પાડવામાં આવેલી નોટિસ રદ કરતી વખતે ઉચ્ચ અદાલતે યોગ્ય રીતે એ ઉદ્દેશ્ય અને હેતુ પર વિચાર કર્યો નથી, કે જેના કારણે ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સીમાં સુધારાની જરૂર પડી છે. તેમણે વિત્ત અધિનિયમ ૨૦૧૫ દ્વારા સુધારા પહેલાંની ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩–સી તરફ તથા સુધારો કર્યા બાદની કલમ ૧૫૩–સી તરફ અમારું ધ્યાન દોર્યું છે, જે નીચે મુજબ છેઃ–

<u>વિત્ત અધિનિયમ, ૨૦૧૫ થી સુધારો કરવામાં આવ્યો તે પહેલાં કલમ ૧૫૩–સી નીચે મુજબ હતીઃ–</u>

<u>૧૫૩–સી. કોઈ અન્ય વ્યક્તિની આવકની આકારણી.–</u> (૧) કલમ ૧૩૯, કલમ ૧૪૭, કલમ ૧૪૮, કલમ ૧૪૯, કલમ ૧૫૧ અને કલમ ૧૫૩માં કંઈપણ મજકુર હોય, જ્યાં આકારણી અધિકારીને સંતોષ થાય છે કે કોઈ પણ નાણાં, સોના–ચાંદી, દાગીના અથવા અન્ય કિંમતી વસ્તુ અથવા કબ્જે લીધેલ કે અધિગ્રહણ કરેલ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો કલમ ૧૫૩–ક માં ઉલ્લેખિત વ્યક્તિ સિવાયની વ્યક્તિના છે, તો હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો અથવા કબ્જે લીધેલ કે અધિગ્રહણ કરેલ મિલ્કતો આવી અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર ધરાવતા આકારણી અધિકારીને સુપ્રત કરવામાં આવશે અને આકારણી અધિકારી કલમ ૧૫૩–ક ની જોગવાઈઓ અનુસાર આવી દરેક અન્ય વ્યક્તિ સામે કાર્યવાહી કરશે અને આવી અન્ય વ્યક્તિને નોટિસ પાઠવશે અને તેની આવકની આકારણી અથવા પુનઃઆકારણી કરશે,

જો કે આવી અન્ય વ્યક્તિના કિસ્સામાં કલમ ૧૩૨ હેઠળ તપાસ શરૂ કરવાની તારીખ અથવા કલમ ૧૫૩–કની પેટા કલમ (૧)ના બીજા પરંતુકમાં કલમ ૧૩૨–ક હેઠળ અધિગ્રહણ કરવાની તારીખનો સંદર્ભ, તે આવી અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર ધરાવતા આકારણી અધિકારીએ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો અથવા જપ્ત કરેલ કે

અધિગ્રહણ કરેલ અસ્કયામતો પ્રાપ્ત કરવાની તારીખનો સંદર્ભ ગણાશે:

જો કે વધુમાં, કેન્દ્ર સરકાર તેના દ્વારા બનાવવામાં આવેલા અને સરકારી રાજપત્રમાં પ્રકાશિત થયેલા નિયમો દ્વારા આવા અન્ય વ્યક્તિના સંબંધમાં કેસોના એવા વર્ગ અથવા વર્ગોને નિર્દિષ્ટ કરી શકે છે, કે જેમાં અગાઉના વર્ષમાં તલાશ કરવામાં આવી હોય કે અધિગ્રહણ કરવામાં આવ્યું હોય તેને સંબંધિત આકારણી વર્ષની તરત જ આગળના છ આકારણી વર્ષો માટે કુલ આવકની આકારણી અથવા પુનઃઆકારણી કરવા માટે આકારણી અધિકારીએ નોટિસ આપવાની જરૂર નથી, સિવાય કે એવા કિસ્સાઓ કે જેમાં કોઈ આકારણી કે પુનઃઆકારણી અબેટ થઈ હોય.

(૨) જે અગાઉના વર્ષમાં કલમ ૧૩૨ હેઠળ તલાશ હાથ ધરવામાં આવી હોય અથવા કલમ ૧૩૨–ક હેઠળ અધિગ્રહણ કરવામાં આવ્યું હોય તે અગાઉના વર્ષને સંબંધિત આકારણી વર્ષ માટે આવકનું રિટર્ન ભરવાની નિયત તારીખ પછી પેટા–કલમ (૧)માં ઉલ્લેખવામાં આવેલ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો કે જપ્ત થયેલ અથવા અધિગ્રહિત થયેલ અસ્કયામતો આવી અન્ય વ્યક્તિ પર

અધિકારક્ષેત્ર ધરાવતા આકારણી અધિકારીને મળી હોય અને આવા આકારણી વર્ષના સંબંધમાં –

(ક) આવી અન્ય વ્યક્તિએ આવકનું રિટર્ન પૂરૂ ભરેલ હોય પરંતુ તેને કલમ ૧૪૨ ની પેટા કલમ (૨) હેઠળ કોઈ નોટિસ પાઠવવામાં આવી ન હોય, અથવા

(ખ) આવી અન્ય વ્યક્તિ દ્વારા આવકનું રિટર્ન ભરવામાં આવ્યું હોય પરંતુ કલમ ૧૪૩ની પેટા કલમ (૨) હેઠળ કોઈ નોટિસ બજવવામાં આવી ન હોય અને કલમ ૧૪૩ની પેટા કલમ (૨) હેઠળ નોટિસ બજવવાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ હોય, અથવા

(ગ) કોઈ આકારણી અથવા પુનઃઆકારણી કરવામાં આવી હોય તો,

આ પ્રકારની અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર ધરાવતા આકારણી અધિકારી દ્વારા જપ્ત કરવામાં આવેલ અથવા અધિગ્રહિત કરવામાં આવેલ અસ્ક્યામતો અથવા હિસાબી ચોપડા કે દસ્તાવેજો પ્રાપ્ત કરવાની તારીખ પહેલાં આ પ્રકારના આકારણી અધિકારી નોટિસ

આપશે અને કલમ ૧૫૩–ક ની જોગવાઈ પ્રમાણે આ પ્રકારનાં આકારણી વર્ષની અન્ય વ્યક્તિની કુલ આવકની આકારણી અથવા પુનઃઆકારણી કરશે. ”

<u>વિત્ત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા સુધારો કર્યા પછી અધિનિયમની કલમ ૧૫૩–સી નીચે મુજબ છેઃ–</u>

<u>૧૫૩–સી. કોઈ અન્ય વ્યક્તિની આવકની આકારણી.–</u> (૧) કલમ ૧૩૯, કલમ ૧૪૭, કલમ ૧૪૮, કલમ ૧૪૯, કલમ ૧૫૧ અને કલમ ૧૫૩માં કંઈપણ મજકુર હોય, જ્યાં આકારણી અધિકારીને સંતોષ થાય કે, –

(ક) જપ્ત કરવામાં આવેલા કે અધિગ્રહણ કરવામાં આવેલ કોઈપણ નાણાં, સોના–ચાંદી, દાગીના અથવા અન્ય કિંમતી વસ્તુ અથવા,

(ખ) જપ્ત કરવામાં આવેલા કે અધિગ્રહણ કરવામાં આવેલા કોઈ હિસાબી ચોપડા કે દસ્તાવેજો કે તેમાં આપેલી કોઇ માહિતી,

કલમ ૧૫૩–ક માં ઉલ્લેખિત વ્યક્તિ સિવાયની કોઇ અન્ય વ્યક્તિને સંબંધિત કે લગતી છે, તો હિસાબી ચોપડા કે દસ્તાવેજો અથવા જપ્ત કરવામાં આવેલ કે અધિગ્રહણ કરવામાં આવેલ અસ્કયામતો આ પ્રકારની અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર ધરાવતા આકારણી અધિકારીને સુપરત કરવામાં આવશે અને તે આકારણી અધિકારી આવા દરેક અન્ય વ્યક્તિ સામે કાર્યવાહી કરશે તથા નોટિસ પાઠવશે અને કલમ ૧૫૩–ક ની જોગવાઈઓ અનુસાર તે અન્ય વ્યક્તિની આવકની આકારણી અથવા પુનઃઆકારણી કરશે, જો તે આકારણી અધિકારીને એવી સંતુષ્ટી હોય કે હિસાબી ચોપડા કે દસ્તાવેજો અથવા જપ્ત કરવામાં આવેલ કે અધિગ્રહણ કરવામાં આવેલ અસ્કયામતો, જે વર્ષમાં તલાશી લેવામાં આવી હોય કે અધિગ્રહણ કરવામાં આવ્યું હોય તેના આગળના વર્ષને સંબંધિત આકારણી વર્ષની તરત જ આગળના છ આકારણી વર્ષો અને કલમ ૧૫૩–ક ની પેટા કલમ (૧) માં ઉલ્લેખિત જે તે આકારણી વર્ષ કે વર્ષો માટે આવી અન્ય વ્યક્તિની કુલ આવકના નિર્ધારણને અસર કરે છે.

જો કે આવી અન્ય વ્યક્તિના કિસ્સામાં, કલમ ૧૩૨ હેઠળ તલાશી શરૂ કરવાની તારીખ, અથવા, કલમ ૧૫૩–ક ની પેટા કલમ (૧)ના બીજા પરંતુકમાં કલમ ૧૩૨–ક હેઠળ અધિગ્રહણ કરવાની તારીખને એ તારીખ ગણશે કે જે તારીખે, આવી અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર

ધરાવતા આકારણી અધિકારીને હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો મળેલા હોય, અથવા જપ્ત કરેલ કે અધિગ્રહણ કરેલ અસ્કયામતો પ્રાપ્ત થયેલ હોય:

જો કે વધુમાં, કેન્દ્ર સરકાર તેના દ્વારા બનાવવામાં આવેલા અને સરકારી રાજપત્રમાં પ્રકાશિત થયેલા નિયમો દ્વારા આવા અન્ય વ્યક્તિના સંબંધમાં કેસોના એવા વર્ગ અથવા વર્ગોને નિર્દિષ્ટ કરી શકે છે કે જેમાં અગાઉના વર્ષમાં તલાશ કરવામાં આવી હોય કે અધિગ્રહણ કરવામાં આવ્યું હોય તેને સંબંધિત આકારણી વર્ષની તરત જ આગળના છ આકારણી વર્ષો માટે અને કલમ ૧૫૩–ક ની પેટા કલમ (૧)માં દર્શાવેલ સંબંધિત આકારણી વર્ષ કે વર્ષો માટે કુલ આવકની આકારણી અથવા પુનઃઆકારણી કરવા માટે આકારણી અધિકારીએ નોટિસ પાઠવવાની જરૂર નથી, સિવાય કે તેવા કિસ્સાઓ કે જેમાં કોઈ આકારણી કે પુનઃઆકારણી અબેટ થઈ હોય.

(૨) જેમાં કલમ ૧૩૨ હેઠળ તલાશ હાથ ધરવામાં આવી હોય અથવા કલમ ૧૩૨–ક હેઠળ અધિગ્રહણ કરવામાં આવ્યું હોય તે અગાઉના વર્ષને સંબંધિત આકારણી વર્ષ માટે આવકનું રિટર્ન ભરવાની નિયત તારીખ પછી પેટા–કલમ (૧)માં ઉલ્લેખવામાં આવેલ હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો કે જપ્ત થયેલ અથવા અધિગ્રહિત થયેલ અસ્કયામતો આવા અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર ધરાવતા

આકારણી અધિકારીને મળી હોય અને આવા આકારણી વર્ષના સંબંધમાં –

(ક) આવી અન્ય વ્યક્તિએ આવકનું રિટર્ન ભરેલ ન હોય અને તેને કલમ ૧૪૨ની પેટા કલમ (૧) હેઠળ કોઈ નોટિસ પાઠવવામાં આવી ન હોય, અથવા

(ખ) આવી અન્ય વ્યક્તિ દ્વારા આવકનું રિટર્ન ભરવામાં આવ્યું હોય પરંતુ કલમ ૧૪૩ની પેટા કલમ (૨) હેઠળ કોઈ નોટિસ બજવવામાં આવી ન હોય અને કલમ ૧૪૩ની પેટા કલમ (૨) હેઠળ નોટિસ બજવવાની સમય મર્યાદા પુરી થઈ ગઈ હોય, અથવા

(ગ) કોઈ આકારણી અથવા પુનઃઆકારણી કરવામાં આવી હોય તો,

આ પ્રકારની અન્ય વ્યક્તિ પર અધિકારક્ષેત્ર ધરાવતા આકારણી અધિકારી દ્વારા જપ્ત કરવામાં આવેલ અથવા અધિગ્રહિત કરવામાં આવેલ અસ્ક્યામતો અથવા હિસાબી ચોપડા કે દસ્તાવેજો પ્રાપ્ત કરવાની તારીખ પહેલાં આ પ્રકારના આકારણી અધિકારી નોટિસ પાઠવશે અને કલમ

૧૫૩–ક ની જોગવાઈ પ્રમાણે આ પ્રકારના આકારણી વર્ષની અન્ય વ્યક્તિની કુલ આવકની આકારણી અથવા પુનઃઆકારણી કરશે.

૪.૧ વિદ્વાન એએસજી શ્રી નટરાજની રજુઆત છે કે **પેપ્સિકો ઇન્ડિયા હોલ્ડિંગ્સ પ્રાઇવેટ લિમિટેડ વિરુદ્ધ આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ, ૨૦૧૪ એસસીસી ઓનલાઇન ડેલ ૪૧૫૫** કેસમાં દિલ્હી ઉચ્ચ અદાલતના અવલોકનને ધ્યાનમાં રાખીને કલમ ૧૫૩–ગ માં સુધારો કરવાની જરૂર જણાઈ હતી, કે જેમાં ઉચ્ચ અદાલતે અવલોકન કર્યું છે કે "કોઇનું હોવું અથવા કોઇની માલિકીનું હોવુ" એવા શબ્દોને "ને સંબંધિત હોવું, અથવા સંદર્ભ હોય તેવુ" શબ્દો સાથે ગુંચવવા ન જોઈએ, જેમાં પહેલાના શબ્દો તે, પછીના શબ્દો કરતા ઘણાં મર્યાદિત છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે આથી, સદર જોગવાઈ લાગું ન થઈ શકી, કે જ્યાં સુધી, દસ્તાવેજો/સામગ્રી, તે ત્રીજા પક્ષ (તપાસવામાં આવેલી વ્યક્તિ સિવાયના)'ના(એટલે કે માલિકીના) ના હોય. આવી સ્થિતિમાં જ્યારે કલમ ૧૩૨ અંતર્ગત તપાસ દરમિયાન ત્રીજા પક્ષને લગતી ગુનારોપણ કરતી સામગ્રી મળી આવી હોવા છતાપણ દિલ્હી ઉચ્ચ અદાલતના અવલોકનોને ધ્યાનમાં રાખીને મહેસૂલ વિભાગ આવા ત્રીજા પક્ષની સામે કાર્યવાહી કરી શકતુ નહોતું. તેથી, આમ જોઈએ તો, દિલ્હી ઉચ્ચ અદાલતના સદર અવલોકનો, તે જ ઉપદ્રવનું દમન કરવાના માર્ગમાં અવરોધ પેદા કરી રહ્યા હતા કે જેનું દમન કરવાનો કાયદાના ઘડવૈયાઓનો ઇરાદો હતો. આથી, જ્યાં સુધી હિસાબી ચોપડા

અને દસ્તાવેજોનો સંબંધ છે ત્યાં સુધી વિત્ત અધિનિયમ, ૨૦૧૫ થી ૦૧.૦૬.૨૦૧૫ની અસરથી કલમ ૧૫૩–ગ માં અવેજીકરણ દ્વારા સુધારો કરીને 'કોઇનું હોવું અથવા કોઇની માલિકીનું હોવુ' એવા શબ્દોના સ્થાને 'સંબંધિત હોવું, અથવા સંદર્ભે આવતુ હોય તેવુ' શબ્દો મુકવામાં આવ્યા છે.

૪.૨ વધુમાં એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે 'કોઇનું હોવું અથવા કોઇની માલિકીનું હોવુ' અને "લગતું અથવા ને લગતું" શબ્દો અથવા વાક્યાંશ વચ્ચે તફાવત છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે, "લગતું અથવા ને લગતું" શબ્દોનો આશય 'કોઇનું હોવું અથવા કોઇની માલિકીનું હોવુ' શબ્દોની સરખામણીએ વધારે વ્યાપક છે. તેથી આ કાયદાએ કલમ ૧૫૩–ગ ના કાર્યક્ષેત્રમાં વધારો કર્યો છે જેમાં એવી સ્થિતિનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જેમાં અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૩૨ અંતર્ગત તપાસની કાર્યવાહી દરમિયાન જો કોઈ ત્રીજા પક્ષને લગતા ગુનારોપણ કરતા દસ્તાવેજો/સામગ્રી મળી આવે તો મહેસૂલ વિભાગ આ પ્રકારનાં ત્રીજા પક્ષની સામે કાર્યવાહી કરી શકે છે.

૪.૩ ત્યારબાદ, મહેસૂલ વિભાગ તરફથી હાજર રહેલા વિદ્વાન એએસજી શ્રી નટરાજે રજૂઆત કરી હતી કે વિત્ત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા કલમ ૧૫૩–ગ માં થયેલ સુધારાનું અર્થઘટન કરતી વખતે નીચેના સિદ્ધાંતો/કસોટીઓને ધ્યાનમાં રાખવાની જરૂર છેઃ–

(૧) પ્રતિસ્થાપન દ્વારા કરેલ સુધારાની અસર

(૨) કાયદાકીય હેતુ

(૩) અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૫૩ સી એક મશીનરી જોગવાઈ છે.

(૪) અર્થઘટન, કે જે કાયદાને અથવા તેના ભાગને મૃત અક્ષર બનાવે, તેને ટાળવું.

(૫) કાયદો બનાવવાની સત્તામાં પશ્ચાદવર્તી અસરથી કાયદો બનાવવાની શક્તિનો સમાવેશ થાય છે.

૪.૪ ઉપરોક્ત વિગતો ની વિસ્તૃત ચર્ચા કરીને, એવી રજુઆત કરવામાં આવે છે કે જ્યાં સુધી કલમ ૧૫૩સીમાં સુધારાની અસરનો સંબંધ છે, ત્યાં સુધી વિત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા કલમ ૧૫૩ સીમાં "પ્રતિસ્થાપન" દ્વારા સુધારો કરવામાં આવ્યો છે, જેમાં "કોઇનું હોવુ અથવા કોઇની માલિકીનું હોવું" એવા શબ્દોને "લગતું અથવા ને લગતું" દ્વારા બદલવામાં આવ્યા છે. અર્થઘટનનો પ્રસ્થાપિત સિદ્ધાંત એવો છે કે પ્રતિસ્થાપન દ્વારા કરવામાં આવેલ કોઈપણ સુધારો મૂળ અધિનિયમની તારીખથી થયેલ ગણાય. **શામરાવ વી. પરુલેકર વિ. જિલ્લા મેજિસ્ટ્રેટ, (૧૯૫૨) ૨ એસ. સી. સી. ૧ : ૧૯૫૨ એસ.સી. આર. ૬૮૩,** ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો. આ નિર્ણયમાં એવું અવલોકન કરવામાં આવ્યું છે અને ઠરાવવામાં આવ્યું છે કે પ્રતિસ્થાપન દ્વારા કરવામાં આવેલા સુધારાથી કાયદાના પુસ્તકમાંથી અગાઉની જોગવાઈને દૂર કરવાની અને સુધારેલી જોગવાઈથી તેને બદલવાની અસર થાય

છે, જાણે કે અસંશોધિત જોગવાઈ ક્યારેય અસ્તિત્વમાં જ ન હતી.તેથી, કાયદો, જે આ કિસ્સામાં અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૫૩ સી છે, તેને એવી રીતે વાંચવું પડશે જાણે કે સુધારેલી જોગવાઈ જ શરૂઆતથી અસ્તિત્વ ધરાવતી હતી. શ્રી નટરાજે, વિદ્વાન એએસજી, એ **ઝિલે સિંહ વિરુદ્ધ હરિયાણા રાજ્ય, (૨૦૦૪) ૮ એસસીસી ૧ (ફકરો ૨૪ અને ૨૫)** ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર પણ આધાર રાખ્યો છે.

૪.૫ એવી દલીલ કરવામાં આવી છે કે વિત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા કલમ ૧૫૩– સીમાં સુધારાનો અર્થઘટન કરતી વખતે આ સુધારા પાછળના કાયદાકીય હેતુને ધ્યાનમાં લેવાની જરૂર છે. કાયદાનો અર્થઘટન કરતી વખતે, અદાલતે કાયદો પસાર કરવાનો ઈરાદો અને કાયદાથી જે ઉપદ્રવ ડામવાનો થયો હોય, તેને ધ્યાનમાં રાખવો જોઈએ.અર્થઘટન, જે વિધાનમંડળનો ઈરાદો શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરે છે, તેને પ્રાથમિકતા આપવી જોઈએ.વર્તમાન કેસમાં ધારામંડળનો ઈરાદો કલમ ૧૩૨ હેઠળ તપાસ કાર્યવાહી દરમિયાન અન્ય વ્યક્તિના પરિસરમાં જે લોકો સામે વાંધાજનક સામગ્રી મળી આવે છે તેમને કલમ ૧૫૩ સીના દાયરામાં લાવવાનો હતો. જોકે, "કોઈનું હોવુ અથવા કોઈની માલિકીનું હોવું" એ શબ્દોને આપવામાં આવેલ સંકુચિત અવકાશ આ હેતુને મારી નાખે છે અને તેથી, સુધારો લાવવો જરૂરી બન્યો હતો. એવી રજુઆત કરવામાં આવે છે કે સદર કાયદાકીય હેતુ અને ઉપદ્રવ, કે જે ડામવો રહ્યો તે બંને ને ધ્યાનમાં રાખીને, કોઈપણ એવું અર્થઘટન, સિવાય કે, સુધારેલી કલમ ૧૫૩સી તમામ પેન્ડિંગ અને ભવિષ્યની

કાર્યવાહીઓને લાગુ પડશે, ભલે અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૩૨ હેઠળની તલાશી સુધારા અગાઉની હોય કે પછીની, તો તે કાયદાનાં ઉદ્દેશને આગળ વધારવામાં નિષ્ફળ જશે. ઉપરોકત રજૂઆતના સમર્થનમાં, શ્રી નટરાજ,એએસજી, એ **ઝિલે સિંહ (સુપ્રા) (પરિચ્છેદ ૧૪,૧૫, ૧૮ અને ૨૦) અને ગિરધારી લાલ અને સન્સ વિરુદ્ધ બલબીર નાથ માથુર, (૧૯૮૬) ૨ એસ.સી .સી. ૨૩૭** ના કેસમાં આ કોર્ટના નિર્ણયો પર આધાર રાખ્યો છે.

૪.૬ ઉપરોક્ત બે નિર્ણયો પર આધાર રાખીને, એવી દલીલ કરવામાં આવી છે કે, ઉપદ્રવ અને ખામી દૂર કરવા માટે, જે સુધારાની જરૂર હતી, તે સુધારાનો હેતુ અને ઉદ્દેશય ધ્યાનમાં લેવાની જરૂર છે. જે પ્રમાણે અવલોકન કરી ઠરાવવામાં આવ્યું, કે એકવાર જ્યારે સંસદનો ઈરાદો સ્પષ્ટ કરી લીધો હોય, અને કાયદાનો હેતુ અને ઉદ્દેશય જાણી લેવામાં આવે, પછી, કાયદાનું અર્થપૂર્ણ અથવા કાર્યાત્મક અર્થઘટન કરવું એ અદાલતની ફરજ બને છે.

૪.૭ શ્રી નટરાજ, એએસજી, દ્વારા વધુમાં દલીલ કરવામાં આવી છે કે, અધિનિયમ , ૧૯૬૧ની કલમ ૧૫૩ સી એક મશીનરી જોગવાઈ છે. તેમણે એવી રજૂઆત કરી છે કે ઉચ્ચ અદાલતે પણ આક્ષેપિત ચુકાદા અને આદેશમાં એવું નોંધ્યું છે કે, કલમ ૧૫૩ સી એક મશીનરી જોગવાઈ છે. કરવેરા કાયદાની મશીનરી જોગવાઈનું અર્થઘટન કરતી વખતે, અદાલતની ફરજ એ છે કે તે તેના દેખીતા હેતુને અમલમાં મૂકે. કાયદાના હેતુને નિષ્ફળ બનાવતું અર્થઘટન ટાળવું

જોઈએ. ઉચ્ચ અદાલતે એવું અવલોકન કર્યું હતું કે, અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૫૩ સી એક મશીનરી જોગવાઈ છે, છતાંપણ ઉચ્ચ ન્યાયાલય તેની પાછળના ઉદ્દેશ્યને અમલમાં મૂકવામાં નિષ્ફળ રહ્યું છે. **કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ–૩ વિ. કલકત્તા નિટવેર્સ, લુધિયાણા (૨૦૧૪) ૬ એસ. સી. સી. ૪૪૪ (પેરા ૩૨ અને ૩૪)** ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખેલ છે.

૪.૮ શ્રી નટરાજ, વિદ્વાન એ. એસ. જી., એ. ની વધુમાં રજૂઆત છે કે, કાયદાની સ્થાપિત સ્થિતિ અનુસાર, કાયદાને સમગ્રપણે રીતે વાંચવો જોઈએ અને કોઈ પણ અર્થઘટન, કે જે કાયદાને અથવા તેના ભાગને મૃત અક્ષર બનાવે, તેને ટાળવુ જોઈએ. અપનાવવામાં આવેલ અર્થઘટન રચના કાયદાની અન્ય જોગવાઈઓને અનુરૂપ રહેશે. સ્થાપિત કાયદા અનુસાર, અદાલતોનો વિરોધાભાસી કાયદાઓમાં સુસંગતતા લાવવાનો પ્રયાસ હોવો જોઈએ. એક જોગવાઈનો ઉપયોગ બીજી જોગવાઈના અને હેતુને નિષ્ફળ બનાવવા માટે ન કરવો જોઈએ. એવી રજૂઆત કરવામાં આવે છે કે, આ પૃષ્ઠભૂમિમાં, કલમ ૧૫૩સી નું અવલોકન દર્શાવે કે જો સામાવાળાઓની દલીલ, કે સુધારેલી કલમ ૧૫૩સી સુધારા અગાઉ હાથ ધરવામાં આવેલી તલાશીઓ પર લાગુ નહીં પડે, સ્વીકારવામાં આવે તો, કલમ ૧૫૩ના આ શબ્દો કે "જો તે આકારણી અધિકારીને એવી સંતુષ્ટી હોય કે જપ્ત કરવામાં આવેલા અથવા માંગવામાં આવેલા હિસાબી ચોપડા અથવા દસ્તાવેજો અથવા અસ્કયામતોની જે વર્ષમાં તલાશી લેવામાં આવી હોય કે અધિગ્રહણ કરવામાં આવ્યુ હોય તેના અગાઉના

વર્ષને સંબંધિત આકારણી વર્ષની તરત જ આગળના, છ આકારણી વર્ષો અને કલમ ૧૫૩ એ ની પેટા કલમ (૧) માં ઉલ્લેખિત જે તે આકારણી વર્ષ કે વર્ષો માટે આવી અન્ય વ્યક્તિની કુલ આવક ના નિર્ધારણને અસર કરે છે"ની પાછળનો હેતુ માર્યો જશે. હંમેશા એવું માનવામાં આવે છે કે વિધાનસભા એક હાથથી તે જે આપે છે તે બીજા હાથથી પરત લેશે નહીં જ. ઉપરોક્ત દલીલોના સમર્થનમાં, **કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ વિ. હિન્દુસ્તાન બલ્ક કેરિયર્સ, (૨૦૦૩) ૩ એસસીસી ૫૭ (ફકરો ૧૭ થી ૨૧)** ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખેલ છે.

૪.૯ એવી રજૂઆત કરવામાં આવી છે કે અન્યથા પણ, કાયદો બનાવવાની શક્તિમાં પશ્ચાદવર્તી અસરથી કાયદો બનાવવાની શક્તિનો સમાવેશ થાય છે. એ બાબત સારી રીતે સ્થાપિત છે કે પાછલી અસરથી કાયદો ઘડવા માટે વિધાનમંડળ સક્ષમ છે. અધિનિયમની પશ્ચાદવર્તી અસરને પૂર્વનિર્ધારિત રીતે અનુમાનિત ગણી શકાતી નથી, છતાપણ તે અધિનિયમમાં સ્પષ્ટ જોગવાઇ દ્વારા, અથવા, જરૂરી સૂચિતાર્થ દ્વારા લાગુ કરી શકાય છે. તેથી, જો વિધાનમંડળ સક્ષમ હોય અને કાનૂનનો કાર્યક્ષેત્ર વિસ્તારવાનો વિધાનમંડળનો ઈરાદો જોઇ શકાતો હોય, ભલે તે સ્પષ્ટ જોગવાઇ દ્વારા હોય, અથવા જરૂરી સૂચિતાર્થ દ્વારા હોય, તો તેને અમલમાં મુકી શકાશે. ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં, **આંધ્રપ્રદેશ સરકાર વિરુદ્ધ હિન્દુસ્તાન મશીન ટૂલ્સ લિમિટેડ, (૧૯૭૫) ૨ એસસીસી ૨૭૪ (પેરા ૧૦) અને લિલી થોમસ વિરુદ્ધ યુનિયન**

ઓફ ઇન્ડિયા (૨૦૧૩) ૭ એસસીસી ૬૫૩ (પેરા ૨૧) ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખેલ છે.

૪.૧૦ શ્રી નટરાજ, વિદ્વાન એએસજી, દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી છે કે ઉચ્ચ અદાલતે એવું ઠરાવવામાં ભૂલ કરી છે કે સામાવાળાઓને "નિહિત અધિકાર" છે અને અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૫૩ સીમાં સુધારો સામાવાળાઓના આવા નિહિત આવશ્યક અધિકારને અસર કરે છે. આવા કોઈ આવશ્યક અધિકારો સામાવાળાઓમાં નિહિત નથી. એકવાર કલમ ૧૫૩ સીમાં જણાવેલી શરતો સંતુષ્ટ થઈ જાય પછી, કોઈ પણ કાયદાકીય જવાબદારી આપમેળે લાગુ થતી નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે, ઓથોરિટીએ કારણ બતાવો નોટિસ ઇશ્યૂ કરી હતી અને ત્યારબાદ કાયદા અનુસાર કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આથી, ઉચ્ચ અદાલતે કારણ બતાવો નોટિસના પ્રારંભિક તબક્કે સામાવાળાઓના આવશ્યક અધિકારોને અસર થાય છે તેવું જણાવીને કાર્યવાહીને રદ કરવામાં ભૂલ કરી છે.

૪.૧૧ ઉપરોક્ત રજૂઆતો કરીને, એવી રજૂઆત કરવામાં આવે છે કે વિત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા ૦૧.૦૬.૨૦૧૫થી સુધારેલી કલમ ૧૫૩સી, મશીનરી જોગવાઈ હોવા છતાં, કલમ ૧૫૩ સીમાં સુધારો કર્યા પછી શરૂ કરવામાં આવેલી તલાશ કાર્યવાહીને જ લાગુ પડશે તેવું ઠરાવવામાં ઉચ્ચ અદાલતે ગંભીર ભૂલ કરી છે.

૪.૧૨ ઉપરોક્ત રજૂઆતો કરીને, એવી દાદ માંગવામાં આવી છે કે હાલની અપીલોને મંજૂર કરવામાં આવે અને ઉચ્ચ ન્યાયાલય દ્વારા અપાયેલ આક્ષેપિત સામાન્ય ચુકાદો અને આદેશ રદ કરવામાં આવે.

૫. હાલની અપીલોનો વિરોધ કરતા, સંબંધિત કરદાતાઓ વતી હાજર રહેલા વકીલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, હાલની અપીલોના જૂથમાં વિવાદ સર્ચ કેસોમાં પ્રવર્તમાન કાયદાની લાગુ પડતી બાબતના સંદર્ભમાં છે , એટલે કે, અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૫૩સી, ૦૧.૦૬.૨૦૧૫ થી સુધારેલી, તે સદર તારીખ પહેલા તલાશ શરૂ કરવામાં આવી હોય તેવા કેસોને લાગુ પડશે કે નહીં.

૫.૧ રજૂઆત કરવામાં આવી કે આ મુદ્દો ઊભો થયો, કારણ કે ૦૧.૦૬.૨૦૧૫ થી, એટલે કે, તપાસની તારીખ પછી પરંતુ કલમ ૧૫૩સીની નોટિસ ઇશ્યૂ થાય તે પહેલાં, વિત્ત અધિનિયમ ૨૦૧૫ માં સુધારો કરવામાં આવ્યો કે જેથી, શોધ દ્વારા આવરી લેવામાં આવેલા તૃતીય પક્ષોના વ્યાપને વિસ્તરી શકાય અને કરદાતાઓના એક નવા વર્ગનો સમાવેશ કરી શકાય. એવી રજૂઆત કરવામાં આવી છે કે આ સુધારાના આધારે, અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૫૩ સી હેઠળ એવા કરદાતાઓને નોટિસ આપવામાં આવી હતી, જેઓ આ જોગવાઈના દાયરામાં સામેલ ન હતા, કારણ, આ સુધારેલી જોગવાઈ તલાશીની તારીખે અસ્તિત્વમાં હતી.

૫.૨ સંબંધિત કરદાતાઓ તરફથી વધુમાં રજૂઆત કરવામાં આવે છે કે, વિભાગનો એવો કેસ છે કે, અધિનિયમ, ૧૯૬૧, ની કલમ ૧૫૩ સી, તે પ્રક્રિયાગત અને મશીનરી જોગવાઈ છે. સુધારો ૦૧.૦૬.૨૦૧૫ થી અમલમાં હોય પરંતુ તેની પશ્ચાદવર્તી અસર છે અને તેથી, તે એવા કેસોમાં લાગુ પડે છે કે જ્યાં તલાશ સુધારા પહેલા કરવામાં આવી હોય, પરંતુ અધિનિયમ, ૧૯૬૧, ની કલમ ૧૫૩ સી હેઠળ નોટિસો સુધારા પછી પાઠવવામાં આવી હોય. વિભાગ તરફથી એવી પણ રજૂઆત કરવામાં આવી છે કે, આ સુધારો નિહિત અધિકારો છીનવતો નથી અને તેથી તેને પશ્ચાદવર્તી અસરથી લાગુ કરી શકાય. વિભાગ તરફથી વધુમાં દલીલ કરવામાં આવી છે કે, તલાશી કરવાની તારીખ અધિનિયમ, ૧૯૬૧, ની કલમ ૧૫૩ સી સાથે સંબંધિત નથી અને સુધારેલી જોગવાઈ લાગુ પડશે કારણ કે સંતોષ નોંધ અને અધિકારક્ષેત્રની ધારણા બંને ૦૧.૦૬.૨૦૧૫ પછીના હતા. વિભાગની ઉપરોક્ત દલીલોના સંબંધમા સંબંધિત કરદાતાઓ તરફથી રજૂઆત કરવામાં આવે છે કે, આવશ્યક અધિકારોને અસર કરતી મશીનરી જોગવાઈને પશ્ચાદવર્તી અસરવાળી ગણી શકાય નહીં. અધિનિયમ, ૧૯૬૧, ની કલમ ૧૫૩ સી એક મશીનરી જોગવાઈ હોવા છતાં આ સુધારાને પશ્ચાદવર્તી ન કહી શકાય.

૫.૩ ત્યાર પછી એવી રજૂઆત કરવામાં આવી છે કે, હાઇકોર્ટ દ્વારા યોગ્ય અવલોકન કરવામાં આવ્યું છે તેમ, આ જોગવાઈઓ મશીનરી જોગવાઈઓ

છે તેમ છતાં, આ સુધારાથી એવા લોકોને કલમમાં આવરી લેવામાં આવ્યા છે, જેમને અન્યથા આવરી લેવામાં આવ્યા નહોતા અને તેથી આવશ્યક અધિકારોને અસર થાય છે અને તેથી તેને પશ્ચાદ્વર્તી અસરથી લાગુ ન કરી શકાય. પોતાની રજુઆતના સમર્થનમાં એટલે કે કે વિત્ત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા કલમ ૧૫૩(સી) માં કરેલ સુધારો પશ્ચાદ્વર્તી અશરથી લાગુ નહીં પડે અને ૦૧.૦૬.૨૦૧૫ અગાઉ કરવામાં આવેલી તલાશીના સંદર્ભમાં, આ કોર્ટ દ્વારા **કન્ટ્રોલર ઓફ એસ્ટેટ ડ્યુટી વિ. એમ. એ. મર્ચન્ટ, ૧૯૮૯ સપ્લીમેન્ટ (૧) એસ. સી. સી. ૪૯** ના કેસમાં આપેલ નિર્ણયનો આધાર લેવામાં આવ્યો છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે, તે નિર્ણયમાં, આ અદાલતે એસ્ટેટ ડ્યુટી એક્ટની નવી કલમ અમલમાં આવે તે તારીખ અગાઉ પૂર્ણ થયેલ આકારણી ફરી ખોલવાની મંજૂરી આપીને નિહિત અધિકારોમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો.

૫.૪ એવી દલીલ કરવામાં આવી છે કે, વર્તમાન કેસમાં વિત્ત અધિનિયમ, ૨૦૧૫ દ્વારા કલમ ૧૫૩(સી)માં કરેલ સુધારો, એવા કરદાતાઓને ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩(સી)ના દાયરામાં લાવે છે, જેમને હજી સુધી આવરી લેવામાં આવ્યા નહોતા, એટલે કે એવા લોકો કે જેમના લગતા અથવા જેમને સંબંધિત નામાના હિસાબો/દસ્તાવેજો હોય અને ન કે માત્ર એવા વ્યક્તિઓ કે જેમનાં અથવા જેમની માલિકીના સદર હિસાબો કે દસ્તાવેજો હોય. આ વિસ્તરણ, તેથી, આવશ્યક અધિકારોને અસર કરે છે, કારણ કે હવે, નવા

કરદાતાઓ સામે કાર્યવાહી થઈ શકે છે અને તેથી આ કોર્ટનો **એમ. એ. મર્ચન્ટ (સુપ્રા)** ના કેસનો નિર્ણય હાઇકોર્ટે દ્વારા યોગ્ય રીતે લાગુ કર્યો છે.

૫.૫ વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે એ બાબત સારી રીતે સ્થાપિત થયેલ છે કે કાર્યવાહી વિષયક કાયદાઓ પણ આવશ્યક અધિકારો પ્રદાન કરે છે અને આવા અધિકારોને અસર કરતા સુધારાઓને અમલમાં આવ્યાની તારીખથી લાગુ થતા હોય તેવા ગણવામાં આવ્યા છે. **તમિલનાડુ રાજ્ય વિરુદ્ધ સ્ટાર ટોબેકો કંપની, (૧૯૭૩) ૩ એસસીસી ૨૪૯** કેસમાં આ અદાલત દ્વારા કરેલ અવલોકન અને ઠરાવ્યા મુજબ ફરીથી (તપાસ માટે) ધ્યાને લેવુ, એ સત્તાનો પ્રશ્ન છે, કાર્યવાહીનો નહીં.

૫.૬ એ પછીની દલીલ એવી કે ૧૯૬૧ ના કાયદા ની કલમ ૧૫૩(સી) માં સુધારાને કારણે માત્ર હાલનાં કરદાતાઓની પ્રક્રિયામાં જ ફેરફાર થયો નથી પરંતુ કરદાતાઓનો નવો વર્ગ પણ ઉભેરાયો છે અને એટલે તેને પશ્ચાદવર્તી અસર આપી શકાય નહી. ઉચ્ચ અદાલતે ખાસ નોંધ લીધી છે અને ઠરાવ્યુ છે કે, ૧૯૬૧ ના કાયદાની કલમ ૧૫૩(સી)માં સુધારો એ માત્ર એ પહેલાથી જ આવરી લેવામાં આવેલ કરદાતાઓને અસરકર્તા પ્રક્રિયાલક્ષી જોગવાઇમાં પરિવર્તન નથી. નવા વર્ગના કરદાતાઓને ૧૯૬૧ના કાયદાની કલમ ૧૫૩(સી) હેઠળ લાવવામાં આવ્યા છે, તે કરદાતાઓના આવશ્યક અધિકારોને અસર કરે છે. તલાશીની તારીખ પછી, જે કરદાતાઓને તલાશીની તારીખે ૧૯૬૧ ના કાયદાની કલમ ૧૫૩(સી)ની પરીક્ષેત્રમાં સામેલ કરવામાં આવ્યા ન હતા, તેમને હવે તેની અંદર

લાવવામાં આવ્યાં છે.

